सिद्धान्तरहस्यम् ।

श्रीवल्लभकृतविवृतिसमेतम् ।

श्रीकृष्णाय नमः ।

सिद्धान्तरहस्यम् ।

श्रीवल्लभकृतविवृतिसमेतम् ।

नत्वा पितृपदाम्भोजं सर्वाभीष्टप्रदायकम् ।
कृष्णवाङ्मूलकाचार्यवचो व्याख्यातुमुद्यतः ॥ १ ॥
यद्यपीश्वरवाक्यानामभिप्रायोतिदुर्गमः ।
मदीयोयमिति ज्ञात्वा ज्ञापयिष्यत्युदारधीः ॥ २ ॥

સર્વ ઇચ્છેલ (ફલ) આપનાર પિતાશ્રીના ચરણકમલને નમન કરી, શ્રીકૃષ્ણની વાણીમાંથી પ્રકટ થએલ આચાર્યશ્રીના વચનનું વિવરણ કરવા હું તત્પર થએલો છું. ૧.

જો કે ઈશ્વરનાં વચનોનો અભિપ્રાય સમજવો ઘણો કઠણ છે, છતાં પણ ઉદાર બુદ્ધિવાળા (આચાર્યશ્રી) ‘આ મારો (સેવક) છે’ એવા વિચારથી (મને તે) જણાવશે. ૨.

अथ यदैव श्रीगोकुलस्वामी स्वमनोभिलषितप्रकारकशुद्धपुष्टिभक्तिमार्गं प्रकटयितुं मनः कृतवान्, तदैव स्वमुखारविन्दरूपाचार्याणामेव तत्प्रकटनसामर्थ्यं ज्ञात्वा भुवि प्राकट्यार्थमाज्ञां दत्तवान्, तदाचार्या अपि भगवदभिप्रायं ज्ञात्वा तद्दत्ताज्ञाप्रकारेणैव स्वप्राकट्यं विधाय भगवदभिमतप्रकारकं भक्तिमार्गं प्रकटितवन्तः । तत्र स्वमार्गीयभक्तिस्वरूपं स्वमार्गसेव्यस्वरूपं स्वमार्गीयसेवाप्रकारं च मार्गान्तरीयभजनसाङ्कर्याभावार्थं वैलक्षण्येन प्रमाणपूर्वकं निरूपितवन्तः । अन्येपि तत्तच्छास्त्रोक्ता धर्माः विवेकादयश्चतुष्टयपुरुषार्थरूपास्त्यागादयश्च तत्तन्मार्गीयाः सन्ति । तेषां स्वप्रकटितपुष्टिमार्गविवेकादीनां च सन्देहाभावार्थं भिन्नत्वेन निरूपणं कृतवन्तः ।' तथापि यथा पूजामार्गे पूजार्थं तन्मार्गोक्तप्रकारेण सम्भावितदोषनिवृत्तिपूर्वकं पूजाकरणं निरूपितम्, तथा स्वप्रकटितमार्गेपि सर्वदोषनिवृत्तिपूर्वकं सेवाप्रकारो न विचारित इति चिन्तया तद्विचारपरानाचार्यान् दृष्ट्वा स्वयं श्रीगोकुलेश आनन्दमात्रकरपादमुखोदरादिरूपेण प्रकटीभूय स्वसेवाप्रतिबन्धकदोषनिवृत्तिप्रकारकमसाधारणं कारणं तथोपदिष्टवान्, यथाग्रेपि

सेवायां यावज्जीवं दोषप्रवेशो न भवति । आचार्यास्तु भगवदुपदिष्टं स्वहृद्याधाय स्वकीयानपि ज्ञापयितुं भगवदुपदिष्टं यथा सौकर्येण बोधो भवति, तदर्थं पद्यबन्धेन तत्र यस्मिन्मासे यस्मिन्पक्षे यस्यां तिथौ यस्मिन्समये तज्ज्ञापनपूर्वकं वक्तुं प्रतिजानते **श्रावणस्यामले पक्ष** इति ।

પછી જ્યારે શ્રીગોકુલના સ્વામી (શ્રીકૃષ્ણે) પોતાના મનમાં ઇચ્છેલા પ્રકારવાળા શુદ્ધ પુષ્ટિ ભક્તિમાર્ગને પ્રકટ કરવાનું મન કર્યું, ત્યારે તે જ સમયે પોતાના મુખારવિંદરૂપ આચાર્યશ્રીમાં તે પ્રકટ કરવાનું સામર્થ્ય (છે એમ) જાણીને (તેઓશ્રીને) ભૂમિ ઉપર પ્રકટ થવાની આજ્ઞા આપી. ત્યારે આચાર્યશ્રીએ પણ ભગવાનનો અભિપ્રાય જાણીને, તેમણે આપેલી આજ્ઞાના પ્રકારથીજ પોતાનું પ્રાકટ્ય કરીને, ભગવાને ઇચ્છેલા પ્રકારવાળા ભક્તિમાર્ગને પ્રકટ કર્યો. તેમાં પોતાના માર્ગની ભક્તિનું સ્વરૂપ, પોતાના માર્ગના સેવ્યનું સ્વરૂપ અને પોતાના માર્ગની સેવાનો પ્રકાર બીજા માર્ગના ભજન સાથે સેળભેળ ન થાય તેમાટે ભેદસહિત પ્રમાણસાથે જણાવ્યા. બીજા પણ વિવેક વિગેરે અને ચાર પુરુષાર્થરૂપ ત્યાગ વિગેરે જૂદા જૂદા શાસ્ત્રોમાં કહેલા જૂદા જૂદા માર્ગો ધર્મો છે, તેઓમાં અને પોતે પ્રકટ કરેલ પુષ્ટિમાર્ગના વિવેક વિગેરેમાં સંદેહ ન રહે તેમાટે (તેમને) જૂદા કહેલા છે. છતાં પણ જેમ પૂજામાર્ગમાં પૂજા કરવા માટે (પૂજામાં) સંભવતા દોષોને તે માર્ગમાં કહેલા પ્રકારથી દૂર કરીને પૂજા કરવાનું કહેલું છે; તેમ પોતે પ્રકટ કરેલા માર્ગમાં પણ સર્વ દોષોને દૂર કરીને સેવા (કરવા)ના પ્રકારનો વિચાર કરેલો નથી એવી ચિંતાથી તે વિચારમાં ગરકાવ થએલા આચાર્યશ્રીને જોઈને, માત્ર આનંદના કર, ચરણ, મુખ, ઉદર વિગેરેવાળા રૂપથી શ્રીગોકુલેશે પોતે પ્રકટ થઈ પોતાની સેવામાં વિઘ્ન કરનાર દોષોને દૂર કરનાર પ્રકારવાળા અસાધારણ કારણનો તેવીરીતે (તેઓશ્રીને) ઉપદેશ કર્યો કે જેથી ભવિષ્યમાં જીંદગી સુધી સેવામાં દોષનો પ્રવેશ થાય નહિ. આચાર્યશ્રી તો ભગવાને કરેલા ઉપદેશને હૃદયમાં ધારણ કરીને પોતાના સેવકોને પણ (તે) જણાવવામાટે જેપ્રકારે સહેલાઈથી જાણવામાં આવે તેમાટે ભગવાને કરેલા ઉપદેશને શ્લોકમાં ગોઠવી, તે (શ્લોકો)માં જે મહિનામાં જે પખવાડીઆમાં જે તિથિએ, જે સમયમાં (ભગવાને તે) જણાવ્યો તે કહીને (તે બોધ) કહેવાની પ્રતિજ્ઞા નીચેના શ્લોકથી કરે છેઃ—

श्रावणस्यामले पक्षे एकादश्यां महानिशि ।
साक्षाद्भगवता प्रोक्तं तदक्षरश उच्यते ॥ १ ॥

(श्रावणस्य) શ્રાવણના (अमले) નિર્મલ (पक्षे) પખવાડીઆમાં (एकादश्यां) આગીઆરસના દિવસે (महानिशि) મધ્યરાત્રે (साक्षात्) સાક્ષાત્ (भगवता)

(જે) (प्रोक्तं) કહી દીધું (तद्) તે (अक्षरशः) અક્ષરે અક્ષરના વિચારપૂર્વક (उच्यते) કહેવામાં આવે છે. ૧.

श्रावणस्य श्रावणमासस्य श्रवणस्य विष्णुदै[1]वतत्वात्तदुपलक्षितमासस्यापि वैष्णवत्वाद्भगवत्सम्बन्धित्वज्ञापनाय मासः श्रावण उक्तः । पक्षस्य शुक्लत्वं विहायामलत्वकथनेन भगवत्पक्षीयाणां सर्वेषां सर्वात्मना निर्दुष्टत्वं ज्ञापितम् । अतः परं तिथेर्निर्दुष्टत्वं निरूपयन्ति **एकादश्या**मिति । एकादश्यप्येकादशेन्द्रियदोषनिवर्तिका इति तिथिरपि सैवोक्ता । यथा श्रीगोकुले अन्तरङ्गभक्तसर्वपुरुषार्थसिद्ध्यर्थं तद्द्वारा सर्वेषामपि गोकुलवासिनां सर्वपुरुषार्थसिद्ध्यर्थं महानिशायामेव प्रादुर्भावः । तद्वदत्राप्याचार्यार्थं प्रादुर्भूय तद्द्वारा तदीयानां सर्वपुरुषार्थसाधकत्वं तत्तुल्यमिति अत्रापि महानिशायामेव प्रादुर्भाव उक्तः । **महानिशी**ति । यथा श्रीगोकुले साक्षाद्व्यूहरहितपूर्णपुरुषोत्तमप्राकट्येनैव भक्ताभिलषितं कृतवान्, तद्वदत्रापि साक्षात्प्राकट्येनैव आचार्यानुपदिष्टवानिति ज्ञापनायोक्तं **साक्षाद्भगवता प्रोक्त**मिति । यद्यपि **भगवता प्रोक्त**मित्येतावतैव चारितार्थ्येपि **साक्षा**त्पदोक्तेरयमाशयः । भगवदुक्तौ प्रकारविशेषा बहव एव संभवन्ति । क्वचिद्भगवान् स्वोक्तिं सेवकद्वारा ज्ञापयति, क्वचित्स्वप्नद्वारा, क्वचिद्गिरं समाधा'विति न्यायेनाकाशवाणीद्वारापि ज्ञापयति । अत्र तूक्तसम्भावितप्रकाराभावपूर्वकं स्वयं साक्षात्पूर्णप्राकट्येनाचार्यानुपदिष्टवानिति ज्ञापनायोक्तं **साक्षा**दिति । उक्तौ प्रशब्दोक्त्या अत्रोक्तेः केवलं कृपयैवाविर्भूय, नत्वाचार्यप्रार्थनयेति ज्ञापनाय प्रशब्दोपादानम् । साक्षाद्भगवद्वाक्यकथनं सर्वेषां सम्यक् हृदयारूढं **न** भवतीति तस्माद्वाक्यार्थ एव यथा यथा सम्यक् हृदयारूढो भवति, तथा पद्यबन्धेन कथनं प्रतिजान**ते तदक्षरश उच्यत** इति । **तदेव** पूर्वोक्त**मक्षरशः** प्रत्यक्षरार्थविचारपूर्वकं **उच्यते** निरूप्यत इत्यर्थः ॥ १ ॥

श्रावणस्य એટલે શ્રાવણ માસના. શ્રવણનો દેવ વિષ્ણુ હોવાથી, તે (શ્રવણ નક્ષત્ર)થી ઓળખાતો માસ* પણ વૈષ્ણવ હોવાથી, ભગવાનના સંબંધવાળો હોવાનું જણાવવા શ્રાવણ માસ કહેલો છે. 'पक्ष' પખવાડીઆને 'શુક્લ' ન

---

[1] दैवत्यादिति पाठः ।

* દરમાસે પૂર્ણિમાના દિવસે જે નક્ષત્રમાં ચંદ્ર હોય, તે નક્ષત્ર ઉપરથી તે માસ ઓળખાય છે. જેમકે અશ્વિની ઉપરથી આસો, કૃત્તિકા ઉપરથી કાર્તિક, મૃગશીર્ષ ઉપરથી માગશર, પુષ્ય ઉપરથી પોષ. 'શ્રવણ' ઉપરથી શ્રાવણ.

કહેતાં 'નિર્મલ' કહ્યું, તેથી ભગવાનના પક્ષવાળા બધા સંપૂર્ણરીતે દોષરહિત હોવાનું જણાવેલું છે. આ પછી 'એકાદશી' શબ્દથી તિથિ દોષવિનાની હોવાનું કહે છે. અગીઆરસ પણ અગીઆર ઇંદ્રિયોના દોષોને દૂર કરનારી હોવાથી, તે જ તિથિ પણ કહેલી છે. જેમ શ્રીગોકુલમાં અંતરંગ ભક્તોના સર્વ પુરુષાર્થો પ્રાપ્ત થાય તેમાટે, અને તેમના દ્વારા બધાએ ગોકુલના રહીશોના સર્વ પુરુષાર્થો પ્રાપ્ત થાય તેમાટે મધ્યરાત્રેજ (ભગવાનનો) પ્રાદુર્ભાવ થએલો, તે પ્રમાણે અહિં પણ આચાર્યશ્રીમાટે પ્રકટ થઈને તેમની મારફત તેમના (સેવકો)ના સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરાવવાનું તે (ગોકુલમાંના પ્રાકટ્ય)ની સમાન હોવાથી, અહિં પણ 'મધ્યરાત્રે' શબ્દથી મધ્યરાત્રેજ પ્રાદુર્ભાવ કહેલો છે. જેમ શ્રીગોકુલમાં વ્યૂહવિનાના સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમેજ પ્રકટ થઈને ભક્તોનું ઇચ્છેલું (કાર્ય) કરેલું, તેવીરીતે અહિં પણ સાક્ષાત્ (પુરુષોત્તમે)જ પ્રકટ થઈને આચાર્યશ્રીને ઉપદેશ આપ્યો, એમ જણાવવા 'સાક્ષાત્ (પ્રકટ થએલા) ભગવાને કહી દીધું' એમ કહેલું છે. જો કે 'ભગવાને કહી દીધું' એટલાથીજ કાર્ય પતતું હતું, છતાં પણ 'સાક્ષાત્' શબ્દ યોજ્યો તેનો આ (નીચેપ્રમાણે) આશય છે, ભગવાને કહેવાનું હોય તેમાં ઘણીએ જાતના પ્રકારો (હોવાનું) સંભવે છે. કોઈ પ્રસંગે ભગવાન પોતાને કહેવાનું (હોય તે) સેવકદ્વારા જણાવે છે, કોઈ વાર સ્વપ્નદ્વારા અને કોઇવાર શ્રીમદ્ભાગવત. ૧૦-૧-૨૧ માં જણાવેલા નિયમપ્રમાણે આકાશવાણીદ્વારા પણ જણાવે છે. અહિં તો કહેલા (તે) સંભવતા પ્રકારોને નહિ યોજતાં પોતેજ સાક્ષાત્ પૂર્ણ પ્રાકટ્યથી (પ્રકટ થઈ) આચાર્યશ્રીને ઉપદેશ આપ્યો, એમ જણાવવા 'સાક્ષાત્' એમ કહેલું છે. કહેવાના વિષયમાં (પ્રોક્ત શબ્દમાં) 'પ્ર' શબ્દ યોજવાથી (એમ જણાવેલું છે કે) અહિં આચાર્યશ્રીની પ્રાર્થનાને લીધે નહિ, પરંતુ માત્ર કૃપાથીજ (ભગવાને પ્રકટ થઈ કહી દીધું) એમ જણાવવા 'પ્ર' શબ્દ યોજેલો છે. ભગવાનનું વચન બરોબર કહેવામાં આવે તે બધાને સારી રીતે હૃદયમાં ઉતરે નહિ તેથી (તે) વચનનો અર્થજ જેપ્રકારે સારીરીતે હૃદયમાં ઉતરે તેપ્રકારે શ્લોકમાં ગોઠવીને કહેવાની પ્રતિજ્ઞા 'તે અક્ષરે અક્ષરના વિચારપૂર્વક કહેવામાં આવે છે' શબ્દોથી કરે છે. પહેલાં (સાક્ષાત્ ભગવાને) કહેલું તે જ અક્ષરશઃ અક્ષરે અક્ષરના અર્થનો વિચાર કરીને ઉચ્યતે કહેવામાં આવે છે, એવો અર્થ છે. ૧.

एवं कथनं प्रतिज्ञाय साक्षात्स्वमार्गीयसेवाप्रतिबन्धकासाधारणदोषनिवृत्तिप्रकारं भगवदुक्तं प्रथमत आहुः **ब्रह्मसम्बन्धकरणा**दिति ।

એવીરીતે કહેવાની પ્રતિજ્ઞા કરીને, આરંભમાં પોતાના માર્ગની સાક્ષાત્ સેવામાં વિઘ્ન કરનાર અસાધારણ દોષોને દૂર કરવાનો ભગવાને કહેલો પ્રકાર નીચેના શ્લોકમાં કહે છે:—

ब्रह्मसम्बन्धकरणात् सर्वेषां देहजीवयोः ।
सर्वदोषनिवृत्तिर्हि दोषाः पञ्चविधाः स्मृताः ॥ २ ॥

सर्वेषाम् બધાના सर्वदोषनिवृत्तिः સર્વ દોષોનો નાશ हि ખચિત ब्रह्मसंबंध करणात् બ્રહ્મસંબંધ કરવાથી (થાય છે). दोषाः દોષો पञ्चविधाः પાંચ પ્રકારના स्मृताः કહેલા છે. ૨.

ब्रह्मसम्बन्धकरणं नाम एतन्मार्गीयाचार्यद्वारा भगवन्निवेदनम् । तेनैव सर्वेषां देहानां सर्वेषां जीवानां च सेवाप्रतिबन्धकसर्वदोषनिवृत्तिर्भवति । ननु 'वेदान्ते च स्मृतौ ब्रह्मलिङ्गं भागवते तथा । ब्रह्मेति परमात्मेति भगवानिति शब्द्यत' इत्याचार्यवचनादुपनिषत्स्वेव ब्रह्मपदं पुरुषोत्तमवाचकम्, नत्वन्यत्र, तथाप्यत्र ब्रह्मपदोपादानस्यायमाशयः । यथा ब्रह्मणि सर्वसमत्वं धर्मोस्ति, तद्वदत्रापि आचार्यनिवेदनानन्तरं सर्वेषामङ्गीकारे समत्वमेव, न तु वैषम्यमपीति ज्ञापनायात्र ब्रह्मपदोपादानम् । यद्वा । यथा गीतासु 'भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्याया'मित्यादिवचनाद्भगवद्वाक्यानामेवोपनिषद्रूपत्वम्, तद्वदत्रापि ब्रह्मसम्बन्धकरणादित्यादिवाक्यानां भगवद्वाक्यत्वेनोपनिषद्रूपत्वादत्र ब्रह्मपदस्य पुरुषोत्तमवाचकत्वमेवेति ब्रह्मपदोपादानम् । तेनास्मिन्भक्तिमार्गे भगवदीयत्वेनैव सर्वदोषनिवृत्तिः । सेवायोग्यत्वं च । अत एव श्रुतिरप्याह 'यमेवैष वृणुते तेन लभ्य' इति । अस्मिन्मार्गे भगवद्वरणस्यैव दोषाभावहेतुत्वात् । दोषरहितस्यैव भगवत्प्राप्तिहेतुत्वात् । तस्मादस्मिन्मार्गे भगवदीयत्वमेव सर्वदोषनिवृत्तिहेतुः । ननु पूजामार्गे पूजार्थं दोषनिवृत्तिप्रकारा बहव एव उक्ताः भूतशुद्ध्यादयः, तद्व्यतिरेकेण कथमत्र भगवदीयत्वमात्रेणैव सर्वदोषनिवृत्तिरिति चेत् । उच्यते । सर्वथा निर्दुष्टपदार्थसम्बन्धेनैव सर्वदोषनिवृत्तिः । सर्वात्मना निर्दुष्टत्वं पुरुषोत्तमस्यैव, नान्यस्य, अत एवाचार्यैरुक्तं 'कृष्णात्परं नास्ति दैवं वस्तुतो दोषवर्जित'मिति । अतो भक्तिमार्गे पुरुषोत्तमस्यैव सेव्यत्वात्तत्सम्बन्धमात्रेणैव सर्वेषां सर्वदोषनिवृत्तिरिति नानुपपत्तिः काचित् । अस्यार्थस्य युक्तत्वज्ञापनायोक्तं **हीति** । पूजामार्गे पुरुषोत्तमसम्बन्धाभावात्तत्र ये दोषाः सम्भवन्ति, तेषां भक्तिमार्गे सम्भावनापि न सम्भवतीति तान्दोषान्निराकरणार्थमनुवदन्ति **दोषाः पञ्चविधाः स्मृता** इति ॥ २ ॥

બ્રહ્મસંબંધ કરવું એટલે આ માર્ગના આચાર્યદ્વારા ભગવાનને નિવેદન કરવું. તેનાથીજ બધાના દેહોના અને બધાના જીવોના સેવામાં વિઘ્ન કરનારા સર્વદોષોનો નાશ થાય છે.

"વેદાંતમાં અને સ્મૃતિમાં તથા ભાગવતમાં બ્રહ્મ જણાવનાર 'બ્રહ્મ' 'પરમાત્મા', 'ભગવાન' એ શબ્દો (અનુક્રમે) યોજેલ છે" (તત્ત્વદીપ. ૧-૬) એવું આચાર્યશ્રીનું વચન હોવાથી ઉપનિષદોમાંજ 'બ્રહ્મ' શબ્દ 'પુરુષોત્તમ'ના અર્થમાં યોજાએલો છે, પરંતુ બીજે (તેવા અર્થમાં યોજાએલો) નથી, છતાં પણ અહિં 'બ્રહ્મ' શબ્દ યોજેલો છે તેનો આ (નીચેપ્રમાણે) આશય છે. જેમ બ્રહ્મમાં સર્વને સમાન હોવાપણાનો ગુણ છે, તેની પેઠે અહિં પણ આચાર્યશ્રીએ નિવેદન કરાવ્યા પછી અંગીકારમાં સર્વનું સમાનપણુંજ છે, પરંતુ ભેદભાવ નથી, એમ જણાવવા 'બ્રહ્મ' શબ્દ યોજેલો છે. અથવા જેમ ગીતામાં 'ઉપનિષદ્રૂપ ભગવદ્ગીતામાં બ્રહ્મવિદ્યામાં...' વિગેરે વચન હોવાથી ભગવાનનાં વચનોજ ઉપનિષદ્રૂપ છે, તેવીરીતે અહિં પણ 'બ્રહ્મસંબંધ કરવાથી...' વિગેરે વચનો ભગવાનનાં વાક્ય હોવાથી ઉપનિષદ્રૂપ છે, તેથી 'બ્રહ્મ' શબ્દ 'પુરુષોત્તમ' અર્થમાંજ યોજાતો હોવાથી 'બ્રહ્મ' શબ્દ યોજેલો છે. તેથી આ ભક્તિમાર્ગમાં ભગવદીયપણાંથીજ સર્વ દોષોનો નાશ થાય છે અને સેવા (કરવા) યોગ્ય થવાય છે. તેથીજ આ માર્ગમાં ભગવાનનું વરણજ દોષોનો નાશ કરનારું હોવાથી, (અને) દોષવિનાનાનેજ ભગવાનની પ્રાપ્તિ થતી હોવાથી શ્રુતિ પણ કહે છે કે 'જેનું આ (ભગવાન) વરણ કરે છે તેનાથીજ તે પ્રાપ્ત થાય છે'.

'પૂજામાર્ગમાં પૂજા કરવા માટે મહાભૂતની શુદ્ધિ વિગેરે દોષનો નાશ કરવાના પ્રકારો ઘણાએ કહેલા છે, તેમના વિના અહિં માત્ર ભગવદીયપણાંથીજ બધા દોષોનો નાશ કેમ થશે?' એવી શંકા થાય, તો કહીએ છીએ કે સંપૂર્ણરીતે દોષવિનાના પદાર્થ સાથે સંબંધ થવાથીજ બધા દોષોનો નાશ થાય. સંપૂર્ણરીતે દોષવિનાના પુરુષોત્તમજ છે, બીજો નથી. તેથીજ આચાર્યશ્રીએ કહેલું છે કેઃ—'શ્રીકૃષ્ણ સિવાય સ્વરૂપથી દોષરહિત દેવ નથી' (અંતઃકરણપ્રબોધ. ૧). તેથી ભક્તિમાર્ગમાં પુરુષોત્તમનીજ સેવા થતી હોવાથી, માત્ર તેમના સંબંધથીજ બધાના સર્વ દોષોનો નાશ થાય છે એટલે કાંઈ પણ અયોગ્યતા નથી. આ અર્થની યોગ્યતા જણાવવા માટે 'હિ' 'ખચિત' એમ કહેલું છે. પૂજામાર્ગમાં પુરુષોત્તમનો સંબંધ (થતો) નહિ હોવાથી, તેમાં જે દોષો સંભવે છે તેમનો ભક્તિમાર્ગમાં સંભવ હોવાનું પણ સંભવતું નથી, તેથી તે દોષો (ભક્તિમાર્ગમાં) નથી એમ જણાવવા, 'દોષો પાંચ પ્રકારના કહેલા છે' શબ્દોથી તેમને જણાવે છે. ૨

पञ्चविधत्वमेत्र गणयन्ति **सहजा** इति ।

नीचेना શ્લોકમાં પાંચે પ્રકારના (દોષો)ને ગણાવે છે:—

सहजा देशकालोत्था लोकवेदनिरूपिताः ।
संयोगजाः स्पर्शजाश्च न मन्तव्याः कथञ्चन ॥ ३ ॥

(सहजाः) દેહ સાથે ઉત્પન્ન થતા (देशकालोत्थाः) દેશથી અથવા કાલથી ઉત્પન્ન થતા (लोकवेदनिरूपिताः) લોકમાં અને વેદમાં જણાવેલા (संयोगजाः) સંયોગથી ઉત્પન્ન થતા (स्पर्शजाश्च) અને સ્પર્શથી ઉત્પન્ન થતા (દોષો) (कथञ्चन) કોઈપણ પ્રકારે (न मन्तव्याः) ગણવા નહિ ૩.

देहेन सहैव जायन्ते **सहजाः** । देहस्य पाञ्चभौतिकत्वात् । भूतेषु भगवत्सम्बन्धाभावात् दोषाः संभवन्ति, ते पूजामार्गे भूतशुद्ध्यादिना निराक्रियन्ते । तथैत्र पूजाप्रदेशेपि पूजार्थमासनादिशुद्धिविधानात्पूजाप्रदेशेपि दोषाः सन्ति । अन्यथा 'अपसर्पन्तु ते भूताः पवित्रं कुरु चासन'मित्यादिना तन्निराकरणं न स्यात् । तद्वत्कालेपि 'प्रातर्होमं च कृत्वैत्र कृत्वा वा ब्रह्मयज्ञकम् । यद्वा माध्याह्निकं कृत्वा पूजयेत्पुरुषोत्तम'मिति मन्त्रराजानुष्टुब्विधानवचनात् । पूजायां नियतकालविधानात्तदतिरिक्तकालपूजाकरणे कालदोषोपि सम्भवति । अत उक्तं **देशकालोत्था** इति । एवं देशकालोत्थान्निरूप्य लोकवेदोत्थानाहुः **लोकवेदनिरूपिता** इति । 'पूजादिना ब्रह्मलोक'मिति वचनात्पूजाप्राप्यब्रह्मलोकेपि 'आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोर्जु'नेतिवचनात्पुनरावृत्तिरूपो दोषस्तत्रापि निरूपितः । किञ्च, पूजायां पूजाङ्गत्वेनाग्निस्थापनपूर्वकवैदिकमन्त्रैर्होमविधानात्तत्रापि न्यूनातिरिक्तदोषः संभवत्येव । अन्यथा 'यस्य स्मृत्या च नामोक्त्ये'त्यादि प्रार्थनं न स्यात् । एवं लोकवेदोत्थान्निरूप्य संयोगजान्निरूपयन्ति **संयोगजा** इति । पूजायामभिषेकाद्यर्थं मन्त्रादिसंस्कृतशंखादिजलेष्वसंस्कृतजलादिसंयोगे संयोगजो दोषो भवति । तथैवासादितपात्रादिपदार्थानां पुष्पगन्धादीनां तेषां स्त्रीशूद्रादिस्पर्शेपि स्पर्शदोषो भवति । चकारादन्येपि नैवेद्यादिष्वप्यागन्तुका दृष्ट्यादिदोषा उक्ताः । एवं पूजामार्गीयान् दोषाननूद्य भक्तिमार्गे तेषां निराकरणमाहुः **न मन्तव्याः कथञ्चने**ति । ते दोषा भक्तिमार्गे **न मन्तव्याः**, न गण्याः । यद्यपि 'न मन्तव्या' इत्येतावतापि निराकरणसिद्धावपि पुनः **कथञ्चने**ति पूजामार्गीयोक्तदोषाणां भक्तिमार्गे संभावनापि नास्तीत्यर्थः । दोष-

सम्भावनाया अप्यभावे ब्रह्मसम्बन्धकरणादित्यसाधारणो हेतुः पूर्वमुक्त एव । ननु पूजामार्गे पूजार्थं दोषनिराकरणार्थं बहव एव प्रकारा उक्ताः, तान्विहाय शुद्धभक्तिमार्गे भगवन्निवेदनमात्रस्यैव सेवार्थं सर्वदोषनिवर्तकत्वं कथमिति चेत् ? उच्यते । 'अनर्थोपशमं साक्षाद्भक्तियोगमधोक्षज' इति वचनात् । तथा च 'भक्तिः पुनाति मन्निष्ठा श्वपाकानपि संभवा'दित्यादिवचनतो भक्तिमार्गः स्वत एव सर्वदोषनिवर्तकः । अथ च, भक्तिमार्गे सेव्यः पुरुषोत्तम एव, न तु तदंशस्तद्विभूतिरूपं वा । स एव सर्वात्मना सर्वदोषरहितः निर्दुष्टपूर्णगुणविग्रहः । अतस्तन्निवेदनेन तत्सम्बन्धे सति सर्वात्मना सर्वदोषनिवृत्तौ किं वाच्यम् । अतः पञ्चमस्कन्धे भगवद्भक्तस्वरूपनिरूपणे 'भगवदीयत्वेनैव परिसमाप्तसर्वार्था' इति तेषामुत्कर्षावधिरुक्तः । यत्र भगवदीयत्वमात्रस्यैव सर्वपुरुषार्थतुच्छीकरणत्वम्, तत्र भक्तिमार्गीयभगवन्निवेदनस्य सर्वदोषनिवर्तकत्वं कैमुतिकन्यायेनैव सिद्धमिति किं वृथावल्गनेनेति सर्वं सुस्थम् । पूजायास्तु कर्ममार्गान्तःपातित्वात्तत्र[१] च न भक्तित्वम् । कर्ममार्गस्य भगवत्सम्बन्धाभावात्सदोषत्वमपि । ननु भगवत्पूजाविधानान्निर्दोषत्वमेवेति चेत् ? सत्यम् । पूजामार्गे पूज्यस्य विभूतिरूपत्वेन शुद्धपुरुषोत्तमत्वाभावान्न सर्वात्मना सर्वदोषनिवर्तकत्वम् । तत्रावाहनादिविसर्जनान्तानामुपचाराणां केवलमन्त्राद्यधीनत्वात्पुरुषोत्तमविभूतिरूपत्वमेव । पुरुषोत्तमस्तु 'नाहं वेदैर्न तपसे'ति 'भक्त्याहमेकया ग्राह्य' इत्यादिवचनैः केवलमनन्यभक्त्यधीन एव । न तु तदतिरिक्तमन्त्राद्यधीनोपीति महदेव वैलक्षण्यम् । किञ्च, पूजामार्गे पूज्यदेवताया मोहनोच्चाटनादिलौकिककार्यविनियोगोपि श्रूयते । पूज्यदेवतामन्त्रस्यारित्वादयो धर्माः श्रूयन्ते । न हि सर्वनियामकस्य सर्वेश्वरस्य ब्रह्मादिसर्वोपास्यस्यानन्दमात्रकरपादमुखोदरादेः पुरुषोत्तमस्य सेवकेष्वरित्वादयो धर्माः सम्भवन्ति । अतो गीतास्वपि भगवतोक्तं 'समोहं सर्वभूतेषु न मे द्वेष्योस्ति न प्रियः । ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यह'मिति । तथा श्रीभागवते प्रह्लादवाक्यं 'देवोसुरो मनुष्यो वा यक्षो गन्धर्व एव वा । भजन्मुकुन्दचरणं स्वस्तिमान् स्याद्यथा वय'मिति वचनात्किमतोऽधिकं भक्तिमार्गस्य पूजामार्गस्य च तारतम्यं वाच्यमिति दिक् ॥ ३ ॥

---

[१] पातादिति पाठः ।

(૧) सहजाः એટલે દેહની સાથેજ ઉત્પન્ન થાય તે, કારણકે દેહ પાંચ મહાભૂતોનો બનેલો હોવાથી (અને) મહાભૂતોને ભગવાનનો સંબંધ નહિ હોવાથી, (દેહમાં) દોષો સંભવે છે. તે (દોષો)નો પૂજામાર્ગમાં મહાભૂતોની શુદ્ધિ વિગેરેથી નાશ કરવામાં આવે છે. (૨) તેવીજરીતે પૂજાના પ્રદેશમાં પણ પૂજા (કરવા) માટે આસન વિગેરેની શુદ્ધિ કરવાની વિધિ હોવાથી, પૂજાના પ્રદેશમાં પણ દોષો હોય છે. તેમ ન હોય તો 'તે ભૂતો જતા રહો, અને આસનને પવિત્ર કર' વિગેરે (વાક્યો)થી તેમનો નાશ (કરવાનું) ન હોત. તેપ્રમાણે કાલમાં પણ 'પ્રાતઃકાલનો હોમ કરીનેજ, અથવા બ્રહ્મયજ્ઞનો (હોમ) કરીને, અથવા મધ્યાહ્નનો (હોમ) કરીને, પુરુષોત્તમની પૂજા કરવી' એવી ઉત્તમ મંત્ર અનુષ્ટુપમાં વિધિ હોવાથી, પૂજા (કરવા)નો મુકરર સમય કહેલો હોવાથી, તે સિવાયના સમયે પૂજા કરવામાં કાલનો દોષ (હોવાનું) પણ સંભવે છે તેથી 'દોષ અને કાલથી ઉત્પન્ન થતા' એમ કહેલું છે.

એવીરીતે દેશ અને કાલથી ઉત્પન્ન થતા (દોષો) જણાવીને, (૩) 'લોકમાં અને વેદમાં જણાવેલા' વિશેષણથી લોક અને વેદથી ઉત્પન્ન થતા (દોષો) કહેલા છે. 'પૂજા વિગેરેથી બ્રહ્માના લોકને (પામે છે)' એ વચન-પ્રમાણે પૂજાથી પ્રાપ્ત થાય તેવા બ્રહ્મલોક(ના સંબંધ)માં પણ 'હે અર્જુન! બ્રહ્મલોક સુધીના સર્વ લોકોની પુનઃ આવૃત્તિ થાય છે' (ભગવદ્ગીતા ૮-૧૬) વાક્યથી ફરી આવૃત્તિ થવારૂપ દોષ ત્યાં પણ કહેલો છે. વળી પૂજાના અંગ તરીકે અગ્નિનું સ્થાપન કરીને વેદના મંત્રોથી હોમ કરવાનો વિધિ હોવાથી, તે (હોમ)માં પણ ઓછું વધારે થવારૂપ દોષ સંભવે છેજ. તેમ ન હોત તો 'જેમનું સ્મરણ (કરવા)થી અથવા નામ લેવાથી (દોષો નાશ પામે છે)' વિગેરે પ્રાર્થના કરવાની ન હોત.

એવીરીતે લોકમાં અને વેદથી થતા (દોષો) કહીને, (૪) 'સંયોગથી ઉત્પન્ન થતા' વિશેષણથી સંયોગથી થતા (દોષો) કહે છે. પૂજામાં સ્નાન વિગેરે (કરાવવા)માટે મંત્ર વિગેરેથી પવિત્ર કરેલા શંખ વિગેરેના જલોને પવિત્ર કર્યાવિનાના જલ વિગેરેનો સંયોગ થતાં, સંયોગથી ઉત્પન્ન થતો દોષ થાય છે. (૫) તેવીજરીતે પ્રાપ્ત કરેલ તે વાસણ વિગેરે પદાર્થોને પુષ્પોને તથા સુગંધી પદાર્થોને સ્ત્રી શૂદ્ર વિગેરેનો સ્પર્શ થતાં પણ, સ્પર્શથી ઉત્પન્ન થતો દોષ થાય છે. 'च' 'અને' શબ્દથી નૈવેદ્ય વિગેરેને દૃષ્ટિ વિગેરેથી ઉત્પન્ન થતા બીજા પણ દૈવયોગથી થતા દોષો કહેલા છે.

એવીરીતે પૂજામાર્ગના દોષો કહીને, 'કોઈ પણ પ્રકારે ગણવા નહિ' શબ્દોથી ભક્તિમાર્ગમાં તેઓની અવગણના (કરવાનું) કહેલ છે. તે દોષો ભક્તિમાર્ગમાં न मन्तव्याः ગણના કરવા યોગ્ય નથી. જો કે 'ગણવા નહિ'

એટલાથી પણ (તેઓની) અવગણના કરવાનું સિદ્ધ થાય છે, છતાં પણ વધારામાં 'કોઈ પણ પ્રકારે' (કહ્યું તેનો) એવો અર્થ છે કે પૂજામાર્ગના (ઉપર) કહેલા દોષો ભક્તિમાર્ગમાં સંભવતા પણ નથી. દોષોનો સંભવ પણ ન હોવા છતાં, (તેઓનો નાશ કરવાનું) અસાધારણ સાધન 'બ્રહ્મસંબંધ કરવાથી.' એમ પહેલાં (શ્લો. ૨ માં) કહેલુંજ છે.

'પૂજામાર્ગમાં પૂજા થઈ શકે તેમાટે દોષો દૂર કરવામાટે ઘણાએ પ્રકારો કહેલા છે, તેમને પડતા મૂકી શુદ્ધભક્તિમાર્ગમાં સેવા થઈ શકે તેમાટે માત્ર ભગવાનને કરેલ નિવેદનજ સર્વ દોષોનો નાશ કરનારું કેમ હોઈ શકે?' એવી શંકા થાય, તો કહીએ છીએ કે 'ઇંદ્રિયાતીત (ભગવાન)માં સાક્ષાત્ ભક્તિયોગ અનર્થને દૂર કરનાર છે' (શ્રીમદ્‌ભાગવત ૧-૭-૬), એ વચનથી અને વળી 'મારામાં શ્રદ્ધાવાળી ભક્તિ ચાંડાલોને પણ જન્મ(દોષ)થી પવિત્ર કરે છે' (શ્રીમદ્‌ભાગવત ૧૧-૧૪-૨૧) એ વિગેરે વચનોથી ભક્તિમાર્ગ પોતાની મેળેજ સર્વ દોષોનો નાશ કરનારો છે, અને વળી ભક્તિમાર્ગમાં સેવા કરવા યોગ્ય પુરુષોત્તમજ છે, પરંતુ તેમના અંશ અથવા વિભૂતિનું સ્વરૂપ (સેવા કરવા યોગ્ય) નથી. તે (પુરુષોત્તમ)જ સંપૂર્ણરીતે સર્વ દોષ વિનાના અને દોષરહિત પૂર્ણગુણવાળા સ્વરૂપવાળા છે, તેથી તેમને નિવેદન કરવામાં આવતાં તેમનો સંબંધ થતાં સર્વ દોષોનો સંપૂર્ણરીતે નાશ થાય તેમાં શું કહેવું? તેથી પાંચમા સ્કંધમાં ભગવાનના ભક્તોનું સ્વરૂપ જણાવતાં, 'ભગવદીયપણાથીજ જેમના સર્વ પુરુષાર્થ સંપૂર્ણ થએલા છે' એમ તેઓની સરસાઈની અવધિ કહેલી છે. જ્યારે માત્ર ભગવદીયપણાથીજ સર્વ પુરુષાર્થોને તુચ્છ ગણવાંમાં આવે છે ત્યારે ભક્તિમાર્ગનું ભગવાનને (કરેલું) નિવેદન સર્વ દોષોનો નાશ કરનારું હોવાનું કૈમુતિકન્યાયથી જ સિદ્ધ થતું હોવાથી વધારે ફૂદાફૂદનું શું પ્રયોજન એમ સર્વ ઘટતું થાય છે.

વળી પૂજાનો તો કર્મમાર્ગની અંદર સમાવેશ થતો હોવાથી તે ભક્તિ નથી. કર્મમાર્ગને ભગવાનનો સંબંધ ન હોવાથી (તે) દોષવાળો પણ છે. 'ભગવાનની પૂજા (કરવા)ની વિધિ હોવાથી (કર્મમાર્ગ) દોષવિનાનોજ છે' એવી શંકા થાય, તો સત્ય (એ છે કે) પૂજામાર્ગમાં જેની પૂજા થાય છે તે વિભૂતિનું સ્વરૂપ હોવાથી શુદ્ધ પુરુષોત્તમ નથી. તેથી (પૂજાથી) સંપૂર્ણરીતે સર્વ દોષોનો નાશ થતો નથી. 'વેદોથી તપથી (મારાં દર્શન થવા શક્ય) નથી' ગીતા. ૧૧-૫૩ 'હું માત્ર ભક્તિથીજ વશ થાઉં છું' (ભાગવત ૧૧-૧૪-૨૧) વિગેરે વાક્યોપ્રમાણે પુરુષોત્તમ તો માત્ર અનન્ય ભક્તિનેજ અધીન છે, પરંતુ તેસિવાયના મંત્ર વિગેરેને તો અધીન નથીજ, એવો (ભક્તિ અને પૂજામાં) ઘણો ભેદ છે. વળી પૂજામાર્ગમાં જેની પૂજા કરવામાં આવે છે તે

દેવતાનો મોહ કરવો, (શત્રુનો) નાશ કરવો વિગેરે લૌકિક કાર્યોમાં પણ ઉપયોગ જણાવવામાં આવેલો છે. પૂજા કરવામાં આવતી દેવતાના મંત્રના શત્રુપણું વિગેરે ગુણો પણ કહેલા છે. સર્વને વશ રાખનાર, સર્વના ઈશ્વર, બ્રહ્મા વિગેરે સર્વ (દેવોએ) સેવા કરવા યોગ્ય, માત્ર આનંદનાજ કર ચરણ મુખ ઉદર વિગેરેવાળા પુરુષોત્તમના સેવકોમાં શત્રુવટ વિગેરે ગુણો સંભવતા નથીજ. તેથીજ ગીતામાં પણ ભગવાને કહેલું છે કેઃ—'હું સર્વ પ્રાણીઓમાં સમાન છું, મારે કોઈ દ્વેષ કરવા યોગ્ય નથી, કોઈ પ્રિય નથી. પરંતુ જેઓ મને ભક્તિથી ભજે છે તેઓ મારામાં છે અને હું તેઓમાં છું'. (૯-૨૯) તે જ પ્રમાણે શ્રીભાગવતમાં પણ 'દેવ અસુર મનુષ્ય અથવા યક્ષ અથવા ગંધર્વજ મુકુંદના ચરણને ભજતાં મારી પેઠે કલ્યાણ પ્રાપ્ત કરે છે' (૭-૭-૫૦) એવું પ્રહ્લાદનું વચન છે, તેથી ભક્તિમાર્ગનો અને પૂજામાર્ગનો આથી વધારે શું ભેદ કહેવો? તેથી (અહિં) પ્રકાર(જ દર્શાવેલ છે). ૩.

अतो भक्तिमार्गे निवेदनेनैव सेवाप्रतिबन्धकसर्वदोषनिवृत्तिरित्यत आहुः **अन्यथे**ति ।

તેથી ભક્તિમાર્ગમાં નિવેદન કરવાથીજ સેવામાં વિઘ્ન કરનાર સર્વ દોષોનો નાશ થતો હોવાથી નીચેનો શ્લોક કહે છેઃ—

अन्यथा सर्वदोषाणां न निवृत्तिः कथञ्चन ।
असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत् ॥ ४ ॥

(अन्यथा) બીજા પ્રકારે (सर्वदोषाणां) સર્વદોષોનો (निवृत्तिः) નાશ (कथञ्चन) કોઈ પણ પ્રકારે (न) (થતો) નથી. (तस्मात्) તેથી (असमर्पित-वस्तूनां) સમર્પણ નહિ કરેલી વસ્તુઓનો (वर्जनं) ત્યાગ (आचरेत्) કરવો. ૪.

अन्यथा भक्तिमार्गे निवेदनव्यतिरेकेण सेवाप्रतिबन्धकसर्वदोषनिवृत्तिर्न भवति । **कथञ्चने**ति प्रकारान्तरव्युदास उक्तः । एवं सेवार्थं सोपपत्तिकां सर्वदोषनिवृत्तिमुक्त्वाग्रे तादृशस्य यावज्जीवं दोषसंक्रान्त्यभावार्थं स्थितिप्रकारमाहुः **असमर्पितवस्तूना**मिति । यतोस्मिन्मार्गे भगवत्सम्बन्धाभाववद्वस्तुसंसर्गस्यैव दोषत्वम्, अतः स्वार्थं भगवदसमर्पितवस्तूनां **वर्जनमाचरेत्** । संसर्गमपि न कुर्यादित्यर्थः ॥ ४ ॥

'બીજા પ્રકારે' એટલે ભક્તિમાર્ગમાં નિવેદન કર્યા સિવાય સેવામાં વિઘ્ન કરનાર સર્વ દોષોનો નાશ થતો નથી. 'કોઈ પણ પ્રકારે' શબ્દથી (તે દોષોના નાશનો)

બીજો પ્રકાર ન હોવાનું કહેલું છે. એવીરીતે સેવા થાય તેમાટે યુક્તિસાથે સર્વ દોષોનો નાશ કહીને, તેવા (નિવેદન કરેલા વૈષ્ણવે) જીવતાં સુધી (પોતામાં) દોષ ન આવે તેમાટે રહેવાનો પ્રકાર ઉત્તરાર્ધથી કહે છે, કારણકે આ માર્ગમાં ભગવાનનો સંબંધ ન થએલ હોય તેવી વસ્તુના સંબંધથીજ દોષ થાય છે, તેથી પોતાનાં કાર્ય માટે ભગવાનને સમર્પણ નહિ કરેલી વસ્તુઓનો ત્યાગ કરવો, (તેવી વસ્તુઓનો) સંબંધ પણ ન કરવો, એવો અર્થ છે. ૪.

एवमसमर्पितवस्तुमात्रत्यागे तादृशस्याग्रे लौकिकालौकिकव्यवहारसिद्धिः कथमित्याकाङ्क्षायां तादृशस्य व्यवहारसिद्धिप्रकारमाहुः **निवेदिभि**रिति ।

'એવીરીતે સમર્પણ નહિ કરેલી સર્વ વસ્તુઓનો ત્યાગ કરવામાં આવે ત્યારે તેવા (ભક્ત)નો ભવિષ્યમાં લૌકિક અને અલૌકિક વ્યવહાર કેમ ચાલશે?' એ જાણવાની ઇચ્છા થાય, તેથી તેવા (ભક્ત)નો વ્યવહાર ચલાવવાનો પ્રકાર નીચેના શ્લોકમાં કહે છે:—

निवेदिभिः समर्प्यैव सर्वं कार्यमिति स्थितिः ।
न मतं देवदेवस्य सामिभुक्तसमर्पणम् ॥ ५ ॥

(निवेदिभिः) નિવેદન કરેલાઓએ (समर्प्य) સમર્પણ કરીને (एव) જ (सर्वं) સર્વ (कार्यम्) કરવું (इति) એવો (स्थितिः) નિયમ (છે). (देवदेवस्य) દેવોના દેવને (सामिभुक्तसमर्पणम्) અર્ધ ભોગવેલ (પદાર્થ)નું સમર્પણ (न मतम्) રુચતું નથી. ૫.

निवेदिभिः स्वमार्गानुसारेण कृतात्मनिवेदिभिः, **सर्वं** लौकिकं वैदिकं च, लौकिकं पुत्रादिविवाहाद्यर्थं, ब्राह्मणभोजनाद्यर्थं स्वोपभोगार्थं च कृतं वैदिकं श्राद्धयागादिकम् । श्राद्धार्थमपि निष्पादितं पाकादिकं सर्वं यागार्थं सम्पादितं घृतान्नादिकं संभारादिकं च सर्वं भगवते निवेद्यैव भगवन्निवेदनानन्तरं पश्चात्सर्वं कार्यमिति । संभाराणां तदाज्ञापूर्वकमेव करणं निवेदनम् । तथा च स्मर्यते श्रीभागवते सप्तमस्कन्धे 'विष्णोर्निवेदितान्नेन यष्टव्यं देवतान्तरम् । पितृभ्यश्चापि तद्देयं तदानन्त्याय कल्पते' इति वचनादियं भक्तिमार्गमर्यादा । मर्यादा नामानुल्लङ्घ्याज्ञा । यथा वेदादिमर्यादोल्लङ्घनेन कार्यकरणे कर्ता दोषभाग्भवति, तथात्रापि भक्तिमार्गमर्यादोल्लङ्घनेन कार्यकरणे भक्तिमार्गीयोपि दोषभाग्भवतीति ज्ञापनाय स्थितेर्मर्यादात्वमुक्तम् । **स्थितिरिति** । एवं वस्तुमात्रस्य निवेदनावश्यकत्वमुक्त्वा कदाचिद्भगवदर्थं सम्पादितपदार्थेषु केनचिद्गृहस्थितेन बालकेन

स्त्र्यादिना वा अज्ञानात्तन्मध्ये किञ्चित्स्वार्थमन्यार्थं वा विनियुक्तं चेत्, तदा भगवदर्थं सम्पादितं वस्तु **सामिभुक्त**मर्धभुक्तं जातम्, तदवशिष्टमसमर्पितमिति ज्ञात्वा स्वोपभोगार्थं चेत्समर्पितुमिच्छति तत्समर्पणस्य भक्तिमार्गे निषेधमाहुः **न मत**मिति । **देवदेवस्य** देवा ब्रह्मादयः, तेषामपि देवस्याराध्यस्य पुरुषोत्तमस्य तत्समर्पणं न मतम्, सामिभुक्तस्य समर्पणं **न मतं**, भक्तिमार्गे न संमतं, न कर्तव्यमित्यर्थः । शुद्धपुष्टिमार्गप्रवर्तकाचार्याणां न सम्मतं, न कर्तव्यमित्यर्थः । अथवा, स्वोपयोगार्थमानीतं वस्त्रादिकं तन्मध्ये स्वोपयुक्तं भगवते समर्प्य स्वोपभोगं[1] कृत्वा तदवशिष्टं चेद्भगवते समर्पितुमिच्छति, तदपि सामिभुक्तमिति तस्यापि समर्पणं देवदेवस्य न मतमिति ॥ ५ ॥

निवेदिभिः પોતાના માર્ગપ્રમાણે જેમણે નિવેદન કરેલું છે તેઓએ લૌકિક અને વૈદિક સર્વ (ભગવાનને નિવેદન કરીનેજ કરવું). લૌકિક એટલે પુત્ર વિગેરેના વિવાહમાટે કરેલું, બ્રાહ્મણોને ભોજન (આપવા)માટે કરેલું તથા પોતાના ભોગ માટે કરેલું; વૈદિક એટલે શ્રાદ્ધ યજ્ઞ વિગેરે, શ્રાદ્ધમાટે તૈયાર કરેલા પાક વિગેરે સર્વ, યજ્ઞમાટે તૈયાર કરેલાં ઘીવાળાં અન્નો વિગેરે અને જરુરી પદાર્થો વિગેરે—સર્વ ભગવાનને નિવેદન કરીનેજ, ભગવાનને નિવેદન કર્યા પછી પાછલથી સર્વ કરવું એવો (અર્થ છે). જરુરી પદાર્થો તેમની (ભગવાનની) આજ્ઞા પ્રમાણેજ કરવાં એ નિવેદન, અને તેવું શ્રીભાગવતના સાતમા સ્કંધમાં કહેલું છે. 'વિષ્ણુને નિવેદન કરેલાં અન્નથી બીજા દેવોની પૂજા કરવી, અને પિતૃઓને પણ તે આપવું તે અનંત સુખ આપનારું થાય છે', એ વાક્યને લીધે આ ભક્તિમાર્ગની મર્યાદા છે. 'મર્યાદા' એટલે જેનું ઉલ્લંઘન થઈ ન શકે તેવી આજ્ઞા. જેમ વેદ વિગેરેની મર્યાદાનું ઉલ્લંઘન કરીને કાર્ય કરવાથી (કાર્ય) કરનાર દોષવાળો થાય છે, તેમ અહિં પણ ભક્તિમાર્ગની મર્યાદાનું ઉલ્લંઘન કરીને કાર્ય કરવાથી ભક્તિમાર્ગીય (ભક્ત) પણ દોષવાન થાય છે એમ જણાવવા, 'નિયમ' શબ્દથી (આ) નિયમ મર્યાદા (હોવાનું) કહેલું છે.

એપ્રમાણે વસ્તુમાત્ર નિવેદન આવશ્યક છે એમ કહીને, કોઈ પ્રસંગે ભગવાન માટે પ્રાપ્ત કરેલા પદાર્થોમાંથી ઘરમાં રહેનાર કોઈ બાલકે અથવા સ્ત્રીએ અજ્ઞાનને લીધે તેમાંથી થોડુંક પોતાના અથવા બીજાના ઉપયોગમાં લીધું હોય, ત્યારે ભગવાનમાટે પ્રાપ્ત કરેલ પદાર્થ सामिभुक्तं અર્ધ ભોગવેલો થયો, તેમાંથી બાકી રહેલ (ભગવાનને) સમર્પણ કરેલ નથી એમ જાણીને,

---

[1] स्वोपयोगमिति पाठः ।

પોતે ભોગ કરી શકાય તેમાટે જો (તે) સમર્પણ કરવા ઇચ્છે તો તેવું સમર્પણ કરવાની ભક્તિમાર્ગમાં મના છે એમ 'રુચતું નથી' શબ્દોથી કહે છે. દેવદેવસ્ય બ્રહ્મા વિગેરે દેવો છે, તેમણે પણ પ્રસન્ન કરવા યોગ્ય દેવ પુરુષોત્તમને તેનું સમર્પણ રુચતું નથી, અર્ધ ભોગવેલા પદાર્થનું સમર્પણ રુચતું નથી, ભક્તિમાર્ગમાં રુચતું નથી (એટલે) કરવું નહિ, એવો અર્થ છે. શુદ્ધ પુષ્ટિમાર્ગની પ્રવૃત્તિ કરાવનાર આચાર્યશ્રીને રુચતું નથી, એટલે કરવું નહિ, એવો અર્થ છે.

અથવા પોતાના ઉપયોગ માટે લાવેલ વસ્ત્ર વિગેરે હોય, તેમાંથી પોતાના ઉપયોગમાટે જોઇતું ભગવાનને સમર્પણ કરી, પોતે તેનો ભોગ કરી, તેમાંથી વધેલું જો ભગવાનને સમર્પણ કરવા ઇચ્છતો હોય, તો તે પણ અર્ધ ભોગવેલું હોવાથી તેનું સમર્પણ પણ દેવોનો દેવને રુચતું નથી, એવો અર્થ છે. ૫.

एवं सामिभुक्तसमर्पणनिषेधमुक्त्वा सर्वात्मना सर्वथा सदाकर्तव्यप्रकारमाहुः **तस्मा**दिति ।

એરીતે અર્ધ ભોગવેલ (પદાર્થ)નું સમર્પણ કરવાની મના જણાવીને, સંપૂર્ણરીતે સર્વપ્રકારે સદા કરવા યોગ્ય (કાર્ય)નો પ્રકાર નીચેના શ્લોકમાં કહે છે:—

तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् ।
दत्तापहारवचनं तथा च सकलं हरेः ॥ ६ ॥
न ग्राह्यमिति वाक्यं हि भिन्नमार्गपरं मतम् ।

तस्मात् તેથી आदौ આરંભમાં सर्वकार्ये સર્વ કાર્યોમાં सर्ववस्तुसमर्पणम् સર્વ પદાર્થોનું સમર્પણ (કરવું). हि કારણકે दत्तापहारवचनम् આપેલું લેવા સંબંધી વચન तथा च અને તે જ પ્રમાણે हरेः હરિનું सकलं સર્વ न ग्राह्यम् લેવા યોગ્ય નથી इति એવું वाक्यं વાક્ય भिन्नमार्गपरम् જૂદા માર્ગના સંબંધવાળું मतम् જણાવેલું છે. ૬½.

यस्मात्पूर्वमसमर्पितवस्तुसम्बन्धो न कर्तव्य इत्युक्तम्, पश्चादर्धभुक्तसमर्पणमपि न कर्तव्यमित्युक्तम्, **तस्मादादौ** स्वोपभोगात्पूर्वमेव सर्ववस्तुपदेन भार्यापुत्रादीनामपि समर्पणं कर्तव्यम् । विवाहानन्तरं स्वोपयोगात्पूर्वमेव स्वोपयोगार्थमेव तन्निवेदनं कर्तव्यम् । एवमपि पुत्रोत्पत्त्यनन्तरमपि पुत्रादीनां समर्पणम् कर्तव्यं । **सर्वकार्ये** सर्वकार्यनिमित्तं तत्तत्कार्योपयोगिवस्तुसमर्पणं कार्यम् । समर्पणं कृत्वा पश्चात्तानि तानि कार्याणि कर्तव्यानीत्यर्थः । अत्र कश्चित्पूर्वपक्षी शङ्कते । ननु भक्तिमार्गे भगवन्निवेदितस्यैव वस्तुनः स्वार्थे

विनियोगः कर्तव्यः, न तु अनिवेदितस्येति नियम उक्तः । तस्यैकादशस्कन्धे निषेधोपि श्रूयते । यथा । 'अपि दीपावलोकं मे नोपयुञ्ज्यान्निवेदित'मित्याशङ्कां मार्गभेदेन परिहर्तुमाहुः **दत्तापहारवचन**मिति । **दत्तस्य** नैवेद्यादेरपहारः पुनः स्वार्थग्रहणम् । तथा च तद्वत्सकलं दत्तवस्त्रादिकमपि सकलं न ग्राह्यमित्यादिवचनं स्मृत्यादिवाक्यं भिन्नमार्गपरं मतम् । **भिन्नमार्गपरं** द्विविधभक्तिमार्गातिरिक्तकर्ममार्गपूजादिमार्गपरम् । तत्र हेतुः । तस्मिन्मार्गे पूजामार्गे भक्तिमार्गत्वाभावान्निवेदनस्वरूपस्यैवाप्रसिद्धेः । भक्तिमार्ग एव निवेदनस्योक्तत्वात् । अत एव श्रीभागवते 'श्रवणं कीर्तन'मिति नवधोक्तभक्तौ निवेदनस्याप्युक्तत्वाद्भक्तिमार्गे एव निवेदनम् , । नान्यत्र । तथा च तत्रैवैकादशस्कन्धे 'दारान्सुतान्गृहान्प्राणान्यत्परस्मै निवेदनम् । एवं धर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनाम् । मयि सञ्जायते भक्तिः कोन्योर्थोस्यावशिष्यत' इति भक्तिमार्ग एव भक्तिजनकत्वेन निवेदनप्रकार उक्तः । तस्माद्भक्तिमार्गे पुरुषोत्तमस्यैव सेव्यत्वात्स्वस्य सेवकत्वाद्भक्तिमार्गे सेवकस्य भगवदुपभुक्तभगवदुच्छिष्टेनैव स्वनिर्वाहस्यावश्यकत्वात्, अत एव श्रीमदुद्धवैरुक्तम् । 'त्वयोपभुक्तस्रग्गन्धवासोलंकारचर्चिताः । उच्छिष्टभोजिनो दासा' इत्युक्तत्वाद्दासानामुच्छिष्टभोजनमेव स्वधर्मः भुक्तावशिष्टस्यैवोच्छिष्टत्वात्तत्समर्पितस्य भोजनं भक्तिमार्गे एव, न तु मार्गान्तरे । अत एव भगवताप्युक्तं 'पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति । तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मन' इति । 'भक्त्युपहृतमश्नामी'ति वचनाद्भक्तिमार्गे एव भोजनस्यावश्यकत्वम्, न तु तदतिरिक्तपूजामार्गेपि । अतो भक्तिमार्गातिरिक्तमार्गेषु नैवेद्यादेर्दानमेव निवेदनपदवाच्यम्, न तु भक्तिमार्गवत्समर्पितस्याङ्गीकारः । दानं नाम स्वसत्तापरित्यागपूर्वकं परसत्तापादनम् । यथा ब्राह्मणाय गौर्दीयते, तत्र स्वसत्तापरित्यागपूर्वकं ब्राह्मणसत्तापादनं क्रियते । पुनः सा गौः स्वोपभोगाय न भवति । तथा च भक्तिमार्गातिरिक्तमार्गे नैवेद्यादिरपि । अत एव **दत्तापहारवचन**मिति दत्तापहारवचनं नैवेद्यविषयम् । तथा च सकलं नैवेद्यातिरिक्तं भगवद्दत्तवस्त्रादिकं तत्सर्वं हरेः सम्बन्धि न ग्राह्यमिति यदुक्तम्, **तद्भिन्नमार्गपरम्** । भक्तिमार्गातिरिक्तपूजामार्गादिपरम्, **मत**मिति सर्वप्रमाणसंमतमित्यर्थः । प्रमाणं तु 'त्वयोपभुक्ते'ति पूर्वमुक्तमेव ॥ ६ ॥

કારણકે અગાઉ સમર્પણ નહિ કરેલ વસ્તુઓનો સંબંધ ન કરવો એમ કહેલું છે, (અને) પછી અર્ધ ભોગવેલ (પદાર્થ)નું સમર્પણ પણ ન કરવું એમ કહેલું છે, તેથી 'આરંભમાં' પોતે ભોગ કર્યા પહેલાંજ 'સર્વ પદાર્થો' શબ્દથી (જણાવેલ) પત્ની પુત્રો વિગેરેનું પણ સમર્પણ કરવું જોઈએ. વિવાહ પછી પોતે ભોગ કર્યા પહેલાંજ પોતાના ઉપયોગમાં લઈ શકાય તે માટેજ તે (પત્ની)નું નિવેદન કરવું જોઈએ. એવીજરીતે પુત્રોની ઉત્પત્તિ પછી પણ પુત્રો વિગેરેનું સમર્પણ કરવું જોઈએ. 'સર્વ કાર્યોમાં' સર્વ કાર્ય માટે જૂદા જૂદા કાર્યમાં ઉપયોગી વસ્તુઓનું સમર્પણ કરવું જોઈએ. સમર્પણ કરીને પછી તે તે કાર્યો કરવા, એવો અર્થ છે.

અહિં કોઇક પૂર્વપક્ષી શંકા કરે છે કે "ભક્તિમાર્ગમાં ભગવાનને નિવેદન કરેલી વસ્તુનો પોતાના કાર્ય માટે ઉપયોગ કરવો જોઈએ, પરંતુ નિવેદન ન કરેલી (વસ્તુ)નો ઉપયોગ ન કરવો જોઈએ એવો નિયમ કહ્યો. તે(મ કરવા)ની અગીઆરમાં સ્કંધમાં મના પણ કરેલી છે જેમકેઃ–'મને નિવેદન કરેલ દીપકના પ્રકાશનો પણ ઉપયોગ કરવો નહિ' (૧૧–૧૧–૪૦)" એવી શંકાનો માર્ગના જૂદાપણાંથી નિરાસ કરવા, 'આપેલું લેવા સંબંધી વચન...' કહે છે. दत्तस्य નૈવેદ્ય વિગેરે (પ્રભુને) આપેલ (પદાર્થ) अपहारः પાછો પોતાના ઉપયોગમાં લેવો તે. વળી તેપ્રમાણે सकलं (પ્રભુને) આપેલાં વસ્ત્રો વિગેરે સર્વ લેવા યોગ્ય નથી એ વિગેરે વચન, સ્મૃતિ વિગેરેનાં વાક્ય જૂદામાર્ગના સંબંધવાળાં જણાએલ છે. પૂજામાર્ગ ભક્તિમાર્ગ નહિ હોવાથી, (તેમાં) નિવેદનનું સ્વરૂપજ પ્રસિદ્ધ નથી, કારણકે ભક્તિમાર્ગમાંજ નિવેદન (કરવાનું) કહેલું છે. તેથીજ શ્રીમદ્‌ભાગવતમાં 'શ્રવણ કીર્તન' (૭–૫–૨૩) એમ નવ પ્રકારની કહેલી ભક્તિમાં નિવેદન પણ કહેલું હોવાથી, ભક્તિમાર્ગમાંજ નિવેદન (કરવાનું) છે, બીજા (માર્ગ)માં નથી. વળી તે જ પ્રમાણે ત્યાંજ અગીઆરમા અધ્યાયમાં 'સ્ત્રી, પુત્રો, ઘર, પ્રાણોનું જે ભગવાનને નિવેદન' 'હે ઉદ્ધવ! આત્મનિવેદન કરનારાઓના એવા પ્રકારના ગુણોથી મારામાં ભક્તિ ઉત્પન્ન થાય છે, આને બીજો કયો પુરુષાર્થ બાકી રહે?' (૧૧–૧૯–૨૪) એમ ભક્તિમાર્ગમાંજ ભક્તિ ઉત્પન્ન કરનાર તરીકે નિવેદનનો પ્રકાર કહેલો છે. તેથી ભક્તિમાર્ગમાં પુરુષોત્તમનીજ સેવા થતી હોવાથી, (ભક્ત) પોતે સેવક હોવાથી, ભક્તિમાર્ગમાં ભગવાને ભોગ કરેલ ભગવાનના ઉચ્છિષ્ટથીજ સેવકે પોતાનો નિર્વાહ કરવાનું આવશ્યક છે. તેથીજ શ્રીઉદ્ધવે કહેલું છે કે 'આપે ભોગ કરેલ માલા સુગંધી પદાર્થો વસ્ત્રો અને અલંકારોથી શોભતા, (આપના) ઉચ્છિષ્ટનો ભોગ કરનાર (અમો) દાસો...' એ પ્રમાણે કહેલું હોવાથી ઉચ્છિષ્ટનું ભોજન એજ દાસોનો પોતાનો ધર્મ છે. ભોજન કરતાં વધેલું હોય તેજ ઉચ્છિષ્ટ હોવાથી, તે સમર્પણ કરેલ (અને વધેલ)નું ભોજન ભક્તિમાર્ગમાંજ થાય છે, પરંતુ બીજા

માર્ગમાં થતું નથી. તેથીજ ભગવાને પણ કહેલું છે કેઃ–'જે મને પત્ર, પુષ્પ, ફલ (અથવા) જલ ભક્તિથી આપે છે તે વશ કરેલ અંતઃકરણવાળાના ભક્તિથી આપેલા તે (પદાર્થ)નો હું ભોગ કરું છું' (૧૦–૭૮–૪). 'ભક્તિથી આપેલાનો હું ભોગ કરું છું' એવું વચન હોવાથી ભક્તિમાર્ગમાંજ (ભગવાનને) ભોજન જરુરી છે, પરંતુ તેથી જૂદા પૂજામાર્ગમાં પણ (જરુરી) નથી. તેથી ભક્તિમાર્ગ સિવાયના માર્ગોમાં (આપેલાં) નૈવેદ્ય વિગેરે 'નિવેદન' શબ્દથી જણાવેલ દાનજ છે, પરંતુ ભક્તિમાર્ગની પેઠે સમર્પણ કરેલાંનો અંગીકાર નથી. 'દાન' એટલે પોતાની સત્તાનો ત્યાગ કરીને બીજાની સત્તા કરાવવી તે, જેમકે બ્રાહ્મણને ગાય આપવામાં આવે છે, ત્યારે પોતાની સત્તાનો ત્યાગ કરીને (તેના ઉપર) બ્રાહ્મણની સત્તા કરાવવામાં આવે છે. પછી તે ગાય પોતાના ઉપયોગમાં આવતી નથી, અને તેવાંજ ભક્તિમાર્ગ સિવાયના માર્ગમાં નૈવેદ્ય વિગેરે પણ છે. તેથીજ 'આપેલું લેવા સંબંધી વચન' એમ (કહેલું છે). આપેલું લેવા સંબંધી વચન નૈવેદ્યના સંબંધમાં (કહેલું છે), અને તેવીરીતે નૈવેદ્ય સિવાયનું ભગવાનને આપેલ વસ્ત્રો વિગેરે સર્વ હોય, તે સર્વ હરિના સંબંધવાળું લેવા યોગ્ય નથી, એમ જે કહેલું છે, તે જૂદા માર્ગના સંબંધનું, ભક્તિમાર્ગથી જૂદા પૂજામાર્ગ વિગેરેના સંબંધનું જણાવેલું છે, એટલે સર્વ પ્રમાણોથી નિર્ણય થએલ છે, એવો અર્થ છે. પ્રમાણ તો 'આપે ભોગ કરેલ (માલા સુગંધી પદાર્થો...)' એમ પહેલાં જણાવેલુંજ છે. ૬½.

एवं भक्तिमार्गातिरिक्तमार्गे पूज्यनैवेद्याद्यग्रहणं सोपपत्तिकमुपपाद्य भक्तिमार्गे भगवद्भुक्तोच्छिष्टेनैव भगवदीयानां व्यवहारः कर्तव्यो, नान्यथेति ज्ञापनायाहुः **सेवकानामिति** ।

એવીરીતે ભક્તિમાર્ગસિવાયના માર્ગમાં પૂજા કરવા યોગ્ય (દેવ)નું નૈવેદ્ય વિગેરે ન લેવાનું યુક્તિસહિત જણાવીને, ભક્તિમાર્ગમાં ભગવાનના ઉચ્છિષ્ટથીજ ભગવદીયોએ વ્યવહાર કરવો, બીજા પ્રકારે ન (કરવો), એમ જણાવવા નીચેનો શ્લોક કહે છેઃ—

सेवकानां यथा लोके व्यवहारः प्रसिध्यति ॥ ७ ॥
तथा कार्यं समर्प्यैव सर्वेषां ब्रह्मता ततः ।

सेवकानां સેવકોનો व्यवहारः વ્યવહાર यथा જે પ્રકારે लोके લોકમાં प्रसिध्यति સારીરીતે સિદ્ધ થાય तथा તેવીરીતે समर्प्य સમર્પણ કરીને एव જ कार्यम् (કાર્ય) કરવું. ततः તેથી सर्वेषाम् સર્વને ब्रह्मता બ્રહ્મપણું (પ્રાપ્ત થાય છે). ૭½.

सेवकानां दासानां भगवदीयानां भगवदुच्छिष्टमेव ग्राह्यम्, नान्यदित्ययं **व्यवहारः** प्रकारः यथाग्रे निःशङ्कं **लोके** प्रसिद्धो भवति, तथा अतिप्रसिद्धतया

निःशङ्कतया सेवकैः समर्प्यैव कार्यम् । सिद्धौ प्रकर्षो निःशङ्कता । ततस्तादृक्प्रकारकव्यवहारकरणेनैव **सर्वेषां** भगवदीयानां **ब्रह्मता** भवति । **ब्रह्मता** नाम 'निर्दोषं हि समं ब्रह्मे'ति वचनात्सर्वेषां निर्दुष्टत्वं भक्तिमार्गे निवेदनानन्तरं समत्वं च ज्ञापितं भवति । सर्वेषां सजातीयत्वं भवति, भगवदीयत्वं भवतीत्यर्थः । यद्यपि ब्रह्मणि अनन्ता एवोपनिषन्निरूपिता धर्माः सन्ति, तथाप्यत्र सेवोपयोगिनिर्दुष्टत्वं भगवदीयत्वेन समत्वं च सर्वेषां भक्तिमार्गे भजनोपयोगित्वेन द्वयोरेव निर्देशः कृतः ॥ ७½ ॥

सेवकानाम् ભગવાનના દાસોએ ભગવાનનું ઉચ્છિષ્ટજ લેવું, બીજું ન લેવું, એવો આ વ્યવહારઃ પ્રકાર જેમ ભવિષ્યમાં લોકમાં નિડરરીતે પ્રસિદ્ધ થાય, તેવીરીતે ઘણી પ્રસિદ્ધરીતે નિડરતાથી સેવકોએ સમર્પણ કરીનેજ (દરેક કાર્ય) કરવું. 'સારીરીતે સિદ્ધ થવું' એટલે નિડરતાથી (થવું) 'તેથી એટલે તેવા પ્રકારનો વ્યવહાર કરવાથીજ સર્વ ભગવદીઓને બ્રહ્મપણું (પ્રાપ્ત) થાય છે. 'બ્રહ્મપણું' શબ્દથી એમ જણાવેલું છે કેઃ–'બ્રહ્મ દોષરહિત અને સમ છે' એ વાક્યપ્રમાણે ભક્તિમાર્ગમાં બધા દોષરહિત અને નિવેદન (કર્યા) પછી સમ છે. બધા એકજાતના થાય છે, (બધા) ભગવદીય થાય છે એવો અર્થ છે. જોકે બ્રહ્મમાં ઉપનિષદોમાં જણાવેલા અનંત ધર્મો છે, છતાં પણ, અહિં બધાના (૧) સેવામાં ઉપયોગી દોષરહિતપણું અને (૨) ભગવદીયતરીકે સમાનપણું–એ બે જ ભક્તિમાર્ગમાં ભજન (કરવા)માં ઉપયોગી હોવાથી–તે બે જ કહેલા છે. ૭½.

ननु भक्तिमार्गप्रवेशेपि सत्त्वादिगुणभेदेन प्रकृतिवैषम्याद्भगवदीयत्वेपि कथं सर्वेषां समत्वमित्याशङ्क्य गङ्गादृष्टान्तेन परिहरन्ति **गङ्गात्वमिति** ।

'ભક્તિમાર્ગમાં પ્રવેશ થવા છતાં પણ સત્ત્વ વિગેરે ગુણોના ભેદને લીધે સ્વભાવમાં ભેદ હોવાથી બધા ભગવદીય તરીકે પણ સમાન કેમ હોઈ શકે'? એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકમાં ગંગાના દૃષ્ટાંતથી તેનો પ્રરિહાર કરે છેઃ—

गङ्गात्वं सर्वदोषाणां गुणदोषादिवर्णना ॥ ८ ॥
गङ्गात्वे न निरूप्या स्यात्तद्वदत्रापि चैव हि ॥ ८½ ॥

(सर्वदोषाणां) સર્વ દોષવાળા (જલો) (गङ्गात्वम्) ગંગા (થાય છે). (गङ्गात्वे) ગંગાપણું થતાં (गुणदोषादिवर्णना) ગુણ અથવા દોષોનું વર્ણન (निरूप्या) કરવાનું (न स्यात्) હોતું નથી. (च) અને (तद्वत्) તેપ્રમાણે (अत्र) અહિં (अपि) પણ (हि) જરૂર (છે) (एव) જ.

यथा सर्वजलदोषाणां तावदेव गुणदोषादिवर्णना भवति, यावद्गङ्गाप्रवेशो न भवति । गङ्गाप्रवेशानन्तरं सर्वेषां जलानां गङ्गात्वेनैव सर्वधर्मोपयोगित्वं

भवति । तद्वत् यावत्पर्यन्तं भक्तिमार्गीयाचार्यैः कृतं निवेदनं न भवति, तावदेव भगवद्भजने तदीयगुणदोषादिविचारणं संभवति । भगवदीयत्वे सम्पन्ने पूर्वाशङ्कितसत्त्वादिगुणभेदकृतदोषाणां भजनबाधनं न संभवति । अत एव श्रुतावपि 'यमेवैष वृणुते तेन लभ्य' इति वरणस्यैव भगवत्प्राप्तिहेतुत्वमुक्तम् , न तु सत्त्वादिगुणप्रकृतिदोषाणां बाधकत्वम् । तथा सर्वेषां जलानां गङ्गात्वे सति गुणदोषादिवर्णना न निरूप्या स्यात् , तद्वदत्रापि भक्तिमार्गेपि भगवदीयत्वसम्पत्त्यनन्तरं सर्वदोषनिवृत्तिः । **तद्वदित्यत्र** चकारस्यानुक्तसमुच्चयो ज्ञेयः । यथा भगवन्निवेदनेन सेवाप्रतिबन्धकदोषनिवृत्तिः, तथा स्वोपयोगिपदार्थदोषनिवृत्तिर्भवति भगवन्निवेदनेनेति ज्ञापनाय चकारः । स्वोपयोगिपदार्थदोषनिवृत्तौ उपायान्तराभावायैवकारः । भगवन्निवेदनेनैव सर्वदोषनिवृत्तिः, न तु प्रकारान्तरेणेत्यस्यार्थस्य युक्तत्वज्ञापनाय **हि**शब्दः । अत्रायमाशयः । भगवच्चरणारविन्दैकदेशाङ्गुष्ठभिन्नब्रह्माण्डकटाहविवरोद्गतजलस्य चरणाङ्गुष्ठसम्बन्धमाहात्म्येन यत्र लोके गङ्गासम्बद्धजलादेर्गङ्गायाः सर्वदोषनिवर्तकत्वम् , तत्र भक्तिमार्गे साक्षात्पुरुषोत्तमस्यैव सम्बन्धात्सर्वेषां चेतनाचेतनानां सर्वदोषनिवृत्तौ किं वाच्यमिति ज्ञापनाय **हि**शब्दः ॥ ८½ ॥

જેવીરીતે જ્યાંસુધી ગંગામાં પ્રવેશ થએલ નથી, ત્યાંસુધીજ બધા જલોના દોષોના ગુણ અને દોષ વિગેરેનું વર્ણન કરવામાં આવે છે, અને ગંગામાં પ્રવેશ થયા પછી બધાં જલો (તેમને) ગંગાપણું (પ્રાપ્ત) થવાથીજ સર્વ ધર્મ(ના કાર્ય)માં ઉપયોગી થાય છે, તેવીરીતે જ્યાંસુધી ભક્તિમાર્ગના આચાર્યે નિવેદન કરાવેલું નથી, ત્યાંસુધીજ ભગવાનના ભજનના વિષયમાં તે (નિવેદન ન કરાવેલ)ના ગુણ દોષ વિગેરેનો વિચાર (કરવાનું) સંભવે છે. ભગવદીયપણું પ્રાપ્ત થાય ત્યારે પહેલાં જેની શંકા કરી તે સત્ત્વ વિગેરે ગુણોના ભેદથી થતા દોષોને ભજનમાં વિઘ્ન કરવાનું સંભવતું નથી. તેથીજ 'જેનું આ વરણ કરે છે તેનાથીજ પ્રાપ્ત થાય છે' એ શ્રુતિમાં પણ વરણજ ભગવાનની પ્રાપ્તિનું કારણ હોવાનું કહેલું છે, પરંતુ સત્ત્વ વિગેરે ગુણોના કુદરતી દોષોને વિઘ્ન કરનાર હોવાનું (કહેલું) નથી. જેમ બધાં જલોને ગંગાપણું પ્રાપ્ત થાય ત્યારે (તેમના) ગુણ અને દોષોનું વર્ણન કરવાનું હોતું નથી, તેપ્રમાણે 'અહિં પણ' એટલે ભક્તિમાર્ગમાં પણ ભગવદીયપણાની પ્રાપ્તિ થયા પછી બધા દોષોનો નાશ થાય છે. 'તે પ્રમાણે...' વાક્યમાં (च) 'અને' શબ્દથી ન કહેલાનો સમાવેશ (કરેલ) જાણવો. જેમ ભગવાનને નિવેદન કરવાથી સેવામાં વિઘ્ન કરનાર દોષોનો નાશ

થાય છે, તેમ પોતાને ઉપયોગમાં લેવાના પદાર્થોના દોષનો નાશ (તેઓનું) ભગવાનને નિવેદન કરવાથી થાય છે, એમ જણાવવા 'च' 'અને' શબ્દ યોજેલ છે. પોતાના ઉપયોગમાં લેવાના પદાર્થોના દોષોનો નાશ કરવાનો બીજો ઉપાય નથી એમ જણાવવા 'एव' 'જ' શબ્દ યોજેલો છે. ભગવાનને નિવેદન કરવાથીજ સર્વ દોષોનો નાશ થાય છે, પરંતુ બીજા પ્રકારે થતો નથી, એવો આ વિષય યોગ્ય છે એમ જણાવવા 'हि' 'જરુર' શબ્દ યોજેલ છે. અહિં આ (નીચેપ્રમાણે) ભાવાર્થ છે. જ્યારે ભગવાનના ચરણારવિંદના એક અવયવ અંગુઠાથી ભેદાએલા બ્રહ્માંડની છાલના પોલાણમાંથી નીકળેલું જલ (ભગવાનના) ચરણના અંગુઠાના સંબંધના માહાત્મ્યથી લોકમાં (એવું થાય છે કે) ગંગાની સાથે મળેલાં જલ વિગેરેને ગંગારૂપ કરી સર્વ દોષોનો નાશ કરનારાં બનાવે છે, ત્યારે ભક્તિમાર્ગમાં સાક્ષાત્ પુરુષોત્તમનોજ સંબંધ થતો હોવાથી, ચેતન અને જડ સર્વના સર્વ દોષોનો નાશ થાય તેમાં કહેવુંજ શું ? એમ જણાવવા 'हि' 'જરુર' શબ્દ યોજેલો છે. ૮½.

भक्तिसिद्धान्तवाक्यानां श्रुतानां भगवन्मुखात् ।
स्वाचार्यैः पद्यबन्धानां स्वीयानां बोधसिद्धये ॥ १ ॥
व्याख्यानं[1] कृतमाचार्यपादपद्माभिधेन मे ।
स्वाचार्यास्तेन तुष्यन्तु मयि निःसाधने स्वतः ॥ २ ॥

इति श्रीमत्पितृचरणैकतानश्रीवल्लभविरचिता पुरुषोत्तमसिद्धान्तविवृतिः समाप्ता[2] ।

ભગવાનના મુખથી સાંભળેલા ભક્તિસિદ્ધાંતના વાક્યો, પોતાના (સેવકો)ને બોધ થાય તેમાટે આપણા આચાર્યશ્રીએ શ્લોકમાં ગોઠવ્યા તેનું વિવરણ આચાર્યચરણકમલનું નામ ધારણ કરનાર મેં કર્યું. તેથી આપણા આચાર્યશ્રી પોતાનીમેળે સાધનવિનાના મારા ઉપર પ્રસન્ન થાઓ. ૧-૨.

ઇતિ શ્રીમાન્ પિતાશ્રીના ચરણમાંજ મગ્ન રહેનાર શ્રીવલ્લભે રચેલું શ્રીપુરુષોત્તમસિદ્ધાન્તનું વિવરણ સમાપ્ત.

---

[1] 'व्याख्या कृता मयाचार्यपादपद्माभिधेन या । तयाचार्याः प्रतुष्यन्तु मयि निःसाधने स्वत' इति पाठः ।

[2] कृत्वा पद्यानि साक्षात् स्वयमनुभगवत्प्रोक्तवाक्याक्षराणाम्
स्वीयानां तत्तदर्थं स्फुटतरकथनं नान्यगम्यं विदित्वा ।
गोत्रे श्रीवल्लभाख्यः पुनरपि किल संभूय पद्यानि तानि
व्याख्यातार्थानि मन्ये स्वयमिह कृतवान् श्रीमदाचार्य एव ॥ १ ॥

श्रीगोकुलेशकृता टीका भक्तिसिद्धान्तसिद्धिदा ।
स्वसाधनस्थभक्तानां पादपद्मानुवर्तिनाम् ॥ २ ॥